# શ્રી છોત્તેર ગોળ દરજી કેળવણી મંડળ

આદરણીય જ્ઞાતિજનો / કારોબારી સભ્યો, તા.૦૨.૧૨.૨૦૨૦

સાદર પ્રણામ...

શ્રી છોત્તેર ગોળ દરજી કેળવણી મંડળ આપણા સમાજના બાળકોના ભવિષ્યનું ઘડતર કરતી એક સ્વાયત્ત સંસ્થા છે જે સને 1948 થી રજીસ્ટર્ડ અને કાર્યક્ષમ છે.વર્ષો થી કેળવણી મંડળ દ્વારા વિદ્યાર્થીઓ માટે રાહતદરે નોટબુક વિતરણ કરવામાં આવે છે.ધો.8 થી કોલેજ અને ઉચ્ચ કક્ષા સુધીના મેરીટ પ્રાઈઝ આપવામાં આવે છે.દિવાળી નિમિત્તે દરેક જ્ઞાતિજનોને કેલેન્ડર અને ટેલિફોન ડાયરીનું વિતરણ કરવામાં આવે છે.જેનો મોટાભાગ નો શ્રેય અમારા કારોબારી સભ્યોને જાય છે.

તા.15મી ઓગષ્ટ 2018 ના કેળવણી મંડળ ના અધિવેશન બાદ અમારી નવી અને યુવા ટીમ ધ્વારા તા.01/08/2019 ના રોજ રૂ.1,50,000,બીજા 6½ મહિનાના સમયગાળામાં તા.17.02.2020 ના રોજ બીજી રૂ.2,00,000, તા.11.09.2020 ના રોજ રૂ.1,00,000 ની ત્રીજી અને આજ તા.02.12.2020 રોજ રૂ. 1,65,000 ની ચોથી એમ કરીને કુલ રૂ.6,15,000 (અંકે રૂપિયા છ લાખ પંદર હજાર પુરા) ની નવી ફિક્સ ડીપોઝિટ કરાવેલ છે.આ એક ઐતિહાસિક રકમ છે જે આટલા ટૂંકા ગાળા માં કોઈ પ્રમુખ/મંત્રી એ કરાવી હોય. જેના માટે અમો આપ સૌ જ્ઞાતિજનો,કારોબારી સભ્યો અને અમારા આદરણીય ઉદાર દિલવાળા દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર માનીએ છીએ..

અમે છેલ્લા 2 વર્ષથી ડિજિટલાઇઝેશન ઉપર ખુબ જ ભાર મુક્યો છે.અમારી ટીમે સખત અને સતત મહેનત કરીને શ્રી છોત્તેર ગોળ દરજી કેળવણી મંડળ ને દાન ના પ્રવાહ થી મજબૂત કરી છે.આ આવક માં વધારો થઇ શકે તે માટે આપણે કેળવણી મંડળ ની વેબસાઈટ www.shri76goldarjikelavanimandal.com માં જાહેરાત આપવા માટેના વિકલ્પો રાખેલ છે જે હાલ કાર્યરત છે.સમાજ ના દીકરા/દીકરીઓ માટે વિવાહ સંબંધિત વિકલ્પ પણ રાખેલ છે જેના થકી હમણાં જ એક યુવાનનું સગપણ નક્કી થઈ ગયું અને તેઓ ટૂંક જ સમયમાં લગ્નગ્રંથીમાં જોડાઈ જવાના છે.તો આવો શ્રી છોત્તેર ગોળ દરજી કેળવણી મંડળ સાથે જોડાઈ આપણા સમાજ ને એક ઉંચા મુકામ પર લઈ જઈએ.

****************************************************************************

મનોજકુમાર પ્રવિણચંદ્ર (ઇસંડ) કલોલ (પ્રમુખ)

જીગ્નેશકુમાર નારણદાસ (પેથાપુર)અમદાવાદ (મંત્રી)